INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૧-૦૪-૨૦૨૬**

મહાનગરપાલિકા - જિલ્લા પંચાયત- તાલુકા પંચાયત - નગરપાલિકાની જાહેર થયેલ ચૂંટણી સમયપત્ર અંગે રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ ચૂંટણી આચારસંહિતા જાહેરાત થતા જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીની રાહ ઘણા વખત થી જોવાતી હતી તે દિશામાં ગુજરાત કોંગ્રેસે ઘણા સમયથી કમર કસી લીધી છે. ગુજરાત રાજ્યમાં કોંગ્રેસ દ્વારા આયોજિત જનઆક્રોશ યાત્રાના માધ્યમથી પ્રજાના પ્રશ્નોને વાચા આપી છે. ગુજરાત રાજ્યના તમામ વર્ગના લોકો સરકારથી ત્રસ્ત છે, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને ભાજપે ભ્રષ્ટાચારના અડ્ડા બનાવી દીધા છે. ગુજરાતમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ ચુક્યો છે. ગુજરાત રાજ્યમાં સ્પેશિયલ ઈન્ટેન્સીવ રિવિઝન (SIR) વખતે કાર્યકર્તાઓ દ્વારા બુથે બુથે કામગીરી કરવામાં આવી હતી. વારંવાર ખોટા અને ભૂતિયા મતદારોની વાત વોટ ચોરીના માધ્યમથી કોંગ્રેસ દ્વારા કરવા આવી હતી જે ચૂંટણી પંચ દ્વારા ૭૪ લાખ મત રદ કર્યા ત્યારે પુરવાર થઈ ગયું હતું.ગુજરાત રાજ્યની ૩૪ જિલ્લા પંચાયત, ૧૫ મહાનગર પાલિકા, ૨૬૦ તાલુકા પંચાયત અને ૮૪ નગરપાલિકા ની ચૂંટણીની જાહેરાત થઈ ચૂકી છે ત્યારે સમગ્ર ગુજરાતમાં જિલ્લા, નગરપાલિકા, તાલુકા કક્ષાએ નિરીક્ષકો મોકલીને સંપૂર્ણ અહેવાલ તૈયાર કરી દેવામાં આવ્યો છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવાર પસંદગીની જવાબદારી સ્થાનિક ચૂંટણી સમિતિને સોંપાઈ ગઈ છે. નિરીક્ષકો દ્વારા સ્થાનિક કક્ષાએ ઉમેદવારો, આગેવાનો અને કાર્યકરોને સંભાળવામાં આવ્યા છે. સ્થાનિક ચૂંટણી સમિતિના માધ્યમથી ઉમેદવારોની પસંદગી થશે. ગુજરાત કોંગ્રેસ દ્વારા આવનારી ચૂંટણીમાં ૫૦% બેઠકો ઉપર યુવાનો ને તક આપવામાં આવશે, જ્યારે મહિલા બેઠકો ઉપર ૫૦ ટકા મહિલાઓને હિસ્સેદારી મળવાની છે. કોંગ્રેસ દ્વારા વિચારધારા જોડે પ્રતિબધ્ધ, પ્રજાના પ્રશ્નો માટે લડનાર પ્રમાણિક ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. ભાજપ સીધી રીતે ચૂંટણી જીતી નથી શકતી એટલે ઘણી વખત અનૈતિક રસ્તાઓનો ઉપયોગ કરે છે ત્યારે ચોક્કસ થી કાળજી લઈ ઉમેદવારોને ચકાસીને જાહેરાત કરવામાં આવશે. ભાજપની મેલી મુરાદ ક્યારેય કોંગ્રેસ પૂરી થવા દેશે નહીં અને ભાજપના તેમના હથકંડાને પરાજિત કરાશે.

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા,
મો. 9898134146